RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 159 * Date: 30.03.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ઈમારતો ધરાશાયી, હજારો દટાયાં, મ્યાનમાર-થાઈલેન્ડ ભૂકંપમાં ૧૦૦૦ના મોત



મ્યાનમારમાં એક પછી એક બે શક્તિશાળી ભૂકંપથી પાંચથી વધુ દેશોમાં ધરા ધ્રૂજી ઊઠી હતી. જોકે, આ ભૂકંપના કારણે મ્યાનમાર અને થાઈલેન્ડમાં સૌથી વધુ નુકસાન થયું છે. મ્યાનમાર અને થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં સેંકડો બહુમાળી ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. ભૂકંપનો આંચકો એટલો ભારે હતો કે લોકો ગભરાઈ ગયા હતા અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મ્યાનમાર-થાઈલેન્ડમાં જે રીતની તબાહી મચી છે તેને જોતાં મોતનો આંકડો ૧૦૦૦ને પાર નીકળી ગયો છે જ્યારે ઘાયલોની સંખ્યા ૨૩૭૬ થઈ ગઈ છે.હજુ હજારો લોકો કાટમાળ નીચે દટાયા હોવાથી મોતનો આંકડો વધી શકે છે. જોકે,અમુક મીડિયા અહેવાલો મુજબ ભૂકંપને કારણે કાટમાળ નીચે દટાઈ જતાં હજારો લોકોનાં મોત થયા છે. આ સિવાય ભારત, ચીન, બાંગ્લાદેશ અને તાઈવાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેથી લોકો ગભરાઈને ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા. આજે સવારે અફઘાનિસ્તાનમાં પણ ૪.૭ થી વધુની તીવ્રતાનો ભૂકંપ આવતા વધુ ડર ફેલાયો છે. ભૂકંપની ભયાનકતાનો અંદાજ મૃત્યુઆંક પરથી જ આવી જાય છે. ભૂકંપગ્રસ્ત દેશોમાંથી જેવી તસવીરો અને વીડિયો સામે આવ્યા છે તે ખરેખર ભયાનક છે. હજારો ઈમારતો, મંદિર-મસ્જિદ, બ્રિજ, મકાનો ધરાશાયી થઈ ગયા છે. કાટમાળમાં અસંખ્ય લોકો દટાઈ ગયા છે. હજુ મૃત્યુઆંક વધવાની શક્યતા છે. મ્યાનમારના બીજા સૌથી મોટા શહેર માંડલે નજીક સાગાઈંગમાં શુક્રવારે બપોરે ૧૨:૦૦ કલાકે ૭.૭ની તીવ્રતાના ભૂકંપે ભારે વિનાશ વેર્યો હતો. વિનાશક ભૂકંપની મિનિટો પછી ૬.૪ની તીવ્રતાના આફ્ટર શોક્સ પણ અનુભવાયા હતા. આમ, મ્યાનમારમાં ૫૦ મિનિટના ટૂંકાગાળામાં ભૂકંપના ત્રણ મોટા ઝટકા નોંધાયા હતા. ત્યાર પછીના આફ્ટર શોક્સની તીવ્રતા ઘટતી ગઈ હતી. આગામી ૨૪ કલાકમાં હજુ વધુ ભૂકંપ આવવાનું જોખમ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

રાજધાની નેપીડૉમાં સેંકડો ઈમારતો તૂટી પડતાં કાટમાળ નીચે અનેક લોકો ફસાયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. મ્યાનમારના લશ્કરી શાસકોએ રાજધાની નેપીડૉ અને માંડલે સહિત દેશના છ પ્રાંતોમાં ઈમર્જન્સી જાહેર કરી દીધી હતી. મ્યાનમારના સૌથી મોટા શહેર યાંગોનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, પરંતુ ત્યાં જાનહાની, ઈજા કે મિલકતોને નુકસાન અંગે તાત્કાલિક કોઈ અહેવાલ મળ્યા નથી. મ્યાનમારના મિલિટ્રી જુન્ટાએ ભૂકંપ અંગે અપડેટ જાહેર કરતાં જણાવ્યું કે શુક્રવારે આવેલો ભૂકંપ એટલો ભયાનક હતો કે તેની અસર પશ્ચિમ ભારતથી માંડીને ચીન સુધી જોવા મળી હતી.

## ભારત સાથે 'દગો' કરવાની તૈયારીમાં યુનુસ, તીસ્તા નદીનું મેનેજમેન્ટ છીનવી ચીનને સોંપશે બાંગ્લાદેશ





નવી દિલ્હીની મુલાકાત દરમિયાન બાંગ્લાદેશ પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય બેઠકમાં તિસ્તા નદીના પાણી વ્યવસ્થાપનનું કામ ભારતને આપવાનું વચન આપ્યું હતું. ૨૨ જૂન, ૨૦૨૪ના રોજ બન્ને નેતાઓ સંમત થયા હતા કે એક ભારતીય ટીમ ટૂંક સમયમાં ઢાકાની મુલાકાત લેશે જે તિસ્તા જળ વ્યવસ્થાપન માટે ભાવિ યોજના ઘડશે. હવે બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે ભારત માટે ખૂબ જ સંવેદનશીલ આ નદી પ્રોજેક્ટનું કામ ચીની કંપનીઓને સોંપવાનું વચન આપ્યું છે. અહેવાલો અનુસાર, શુક્રવારે (૨૮મી માર્ચ) બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા. આ દરમિયાન નવ કરારો પર હસ્તાક્ષર થયા. કેટલાક કરારો ભારતના હિતોને અસર કરશે. મોહમ્મદ યુનુસે માત્ર તિસ્તા જળ વ્યવસ્થાપન જ નહીં, પરંતુ મોંગલા બંદરના વિકાસ માટે પૂર્વ અવામી લીગ સરકારના કાર્યકાળ દરમિયાન ભારત સાથે થયેલા કરારને પણ રદ કરવાનો ઈરાદો દર્શાવ્યો છે.મોહમ્મદ યુનુસ અને શી જિનપિંગ વચ્ચેની બેઠક બાદ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં, બાંગ્લાદેશે તેના મોંગલા બંદરને આધુનિક બનાવવા અને વિકસાવવા માટે ચીનનું સ્વાગત કર્યું. ચીન લાંબા સમયથી આના પર નજર રાખતું હતું. ચીનના ભારે દબાણને અવગણીને, હસીના સરકારે જુલાઈ ૨૦૨૪માં ભારતને તેમાં ટર્મિનલ વિકસાવવાના અધિકારો આપ્યા.યુનુસ સરકારે જાહેરાત કરી છે કે ચીન ચટ્ટોગ્રામમાં એક ખાસ આર્થિક ક્ષેત્ર સ્થાપશે. આ ભારતના વ્યૂહાત્મક હિતો માટે એક મોટો પડકાર હશે. અત્યાર સુધી ભારત બાંગ્લાદેશને તેના ઉત્તર-પૂર્વ ક્ષેત્રને ચીન તરફથી ભવિષ્યના પડકારોથી બચાવવા માટે સહયોગ કરી રહ્યું હતું. પરંતુ હવે યુનુસ સરકારે ચીનને ઉત્તરપૂર્વીય રાજ્યોના સૌથી નજીકના બંદર ચટ્ટોગ્રામ નજીક સ્થાયી કરવા માટે વ્યવસ્થા કરવાનો હેતુ વ્યક્ત કર્યો છે.



## તંત્રી લેખ.......

### શ્રીલંકાને પછાડીને ભારત ચાની નિકાસમાં વિશ્વનો બીજો સૌથી મોટો દેશ

ભારત શ્રીલંકાને પાછળ છોડીને વિશ્વનો બીજો સૌથી મોટો ચા નિકાસકાર દેશ બન્યો છે. ભારતીય ચા બોર્ડ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા મુજબ ભારતે ૨૦૨૪માં ૨૫.૫ કરોડ કિલો ચાની નિકાસ કરી હતી. જોકે વિશ્વના ટોચના નિકાસકારોમાં કેન્યાએ તેનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે અને ભારતનો હિસ્સો કુલ વૈશ્વિક નિકાસમાં ૧૦ ટકા આસપાસ રહ્યો છે.૨૦૨૪માં ભારતની ચાની નિકાસ ૨૫.૫ કરોડ કિલોગ્રામ સુધી પહોંચી છે, જે છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ છે. ૨૦૨૩ની ૨૩.૧૭ કરોડ કિગ્રાની સરખામણીએ ગત વર્ષે નિકાસ ૧૦ ટકા વધી છે.૨૦૨૪માં ચાની નિકાસમાંથી ભારતને રૂ. ૭૧૧૧ કરોડની આવક થઈ છે, જે ૨૦૨૩માં રૂ. ૬૧૬૧ કરોડ હતી. આ વૃદ્ધિનું એક મુખ્ય કારણ ઈરાક જેવા દેશોમાં ચાની નિકાસમાં મોટો વધારો હતો, જે ભારતની ચાની નિકાસમાં ૨૦ ટકા હિસ્સો ધરાવે છે. ભારતની આસામ, દાર્જિલિંગ અને નીલગિરી ચાને વિશ્વની શ્રેષ્ઠ ચામાં ગણવામાં આવે છે. મોટાભાગની ભારતીય ચા 'બ્લેક ટી' તરીકે નિકાસ કરવામાં આવે છે જે કુલ નિકાસના લગભગ ૯૬ ટકા હિસ્સો ધરાવે છે. આ ઉપરાંત ગ્રીન ટી, હર્બલ ટી, મસાલા ટી અને લેમન ટી પણ નિકાસ થાય છે.ભારતના નાના ચા ઉત્પાદકો પણ ચા ઉદ્યોગમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ નાના ૨.૩૦ લાખ ચા ઉત્પાદકો કુલ ઉત્પાદનમાં લગભગ ૫૨ ટકા ફાળો આપે છે.

# જામનગરમાં પરપ્રાંતીય શ્રમિકનું બ્રેઈનડેડ થતા પરિવારનો અંગદાનનો નિર્ણય, અમદાવાદ મોકલવા માટે કોરિડોર બનાવાયો



જામનગર- ખંભાળિયા ધોરીમાર્ગ પર જોગવડ ગામના પાટીયા નજીક ૧૮મી માર્ચે રસ્તા પર બે ખૂંટિયા બાખડતા જેની અડફેટે એક પ્રાંતિય શ્રમિક આવ્યો હતો. યુવકને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં જામનગરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જો કે, સારવાર દરમિયાન તેને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો. જે બાદ શ્રમિકના પરિવાર દ્વારા અંગદાન કરવાની જાહેરાત થઈ હતી.ત્યારબાદ અમદાવાદથી દોડી આવેલી સ્પેશિયલ તબીબોની ટીમે શ્રમિકનું ઓપરેશન કરીને તેના જીવિત અવસ્થામાં રહેલા અંગોને એકત્ર કર્યા હતા અને સ્પેશિયલ કોરિડોર બનાવી ચાર્ટર ફ્લાઈટથી અમદાવાદ લઈ જવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર, મૂળ બિહારના વતની ઉમેશકુમારને જોગવડ ગામના પાટીયા નજીક બે ખૂંટિયાએ અડફેટમાં લેતાં તે ફંગોળાયો હતો. તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં યુવાનને સારવાર દરમિયાન ડોક્ટરોએ બ્રેન્ડેડ જાહેર કર્યો હતો, જો કે, તેના અવયવો ચાલતા હતા. આ દરમિયાન જામનગરની જી.જી. હોસ્પિટલના ડોક્ટરોએ પરિવારજનોને કહ્યું ઉમેશકુમારનું બ્રેઈનડેડ થયું છે, પરંતુ તેના અંગ ચાલુ છે. જે અંગોનું દાન કરવાથી અન્ય વ્યક્તિઓને નવું નવજીવન આપી શકાશે. જેમાં સહમતી દર્શાવતી પ્રસ્તાવ મુકતાં સમગ્ર પરિવારજનોએ સહમતિ દર્શાવી હતી. બ્રેઈનડેડ જાહેર થયેલા ઉમેશકુમારના કિડની, લીવર સહિતના અંગોનું દાન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.શુક્રવારે (૨૮મી માર્ચ) મોડી રાત્રે આ નિર્ણય લેવાયા બાદ જામનગરની જી.જી. હોસ્પિટલના તબીબી ટીમ દ્વારા અમદાવાદની સિવિલ હોસ્પિટલના સંપર્ક સાધવામાં આવ્યો હતો. અંગેનું દાન કરવા નિર્ણય લેવાયા બાદ અમદાવાદથી સમગ્ર તબીબોની ટીમ વહેલી સવાર સુધીમાં જામનગર પહોંચી હતી. શનિવારે (૨૯મી માર્ચ) વહેલી સવારે ઉમેશકુમારને તેમના પરિવારની હાજરીમાં ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યા હતા, અને એક પછી એક તેમના અંગોને કાઢી લેવામાં આવ્યા હતા.એક વિશેષ પેટીમાં તમામ અંગો મૂકીને અમદાવાદ લઈ જવા માટે વિશેષ કોરિડોર બનાવવા પોલીસની મદદ લેવામાં આવી હતી. જી.જી. હોસ્પિટલથી જામનગરના એરપોર્ટ સુધીના માર્ગે વિશેષ કોરિડોર બનાવીને સ્પેશિયલ એમ્બ્યુલન્સ મારફતે તમામ અવયવોને એરપોર્ટ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. ત્યાંથી ચાર્ટર પ્લેનમારફતે અમદાવાદ પહોંચ્યા બાદ અમદાવાદમાં નિર્ધારિત અન્ય દર્દીઓ ની જરૂરિયાત પ્રમાણેના અંગોને ટ્રાન્સપ્લાન્ટ કરવા માટેની કાર્યવાહી હાથ ધરી લેવામાં આવી હતી.

# ત્રિશૂરના થારકલ મંદિરમાં અમ્માથિરુવડી ભગવાનની શોભાયાત્રામાં બાખડેલ ગજરાજ કોના સમર્થક હતા?

' જીતેગા ભાઈ જીતેગા' એક નારો સંભળાયો.

' ' જીતેગા ભાઈ જીતેગા ફૂલ જીતેગા' સામો નારો સંભળાયો.

' અરે, ચારા ચોર ચૂપ' પહેલા સમર્થકે કહ્યું.

' અરે ફૂલના નેતાએ કર્ણાટકમાં ચાલીસ હજાર કરોડ રૂપિયાના સ્કેમનો આરોપ લાગે છે!' બીજાએ સામો આરોપ લગાવ્યો. સાવરકુંડલાની ઈંગોરિયા દીવાળીની ઉજવણી જેવો માહોલ ગરમાયો.

' અરે, અમારી પાર્ટી તો કેડર બેઈઝડ છે. પાર્ટી વીથ ડિફેન્સ છે. સામ્યવાદી પાર્ટી જેવી લોખંડી શિસ્ત છે' પહેલાએ પાર્ટીના પ્રવક્તાની જેમ ડિફેન્સ કર્યો!

' અરે જા, જા. હવા આવવા દે. તારી પાર્ટીમાં લોકસભાની ચૂંટણીની ટિકિટો જાહેર થયા પછી શિસ્તના લીરેલીરા ઉડી ગયા છે. ટિકિટ મળનાર પ્રત્યાશી ટિકિટ મળ્યા પછી ચૂંટણી લડવાનો ઈન્કાર કરે છે. ક્યાંક વિરોધના સૂર છે. ઉમેદવાર બદલવા પડે છે!' બીજો પણ ગાંજ્યો જાય તેવો કયાં હતો? રાજકારણમાં ગાલીગલોચ, કાદવ ઉછાળ, ટાંટિયાખેંચ, ચારિત્ર્યહનન મુખ્ય પ્રવૃતિ છે. ગરીબી, બેકારી, મોંઘવારી, શિક્ષણ, આરોગ્ય પર કોને ડીબેટ કરવામાં રસ છે?

' અમે આ વખતે ચારસો પાર કરીશું.વિપક્ષો ફોટામાં જ જડશે. એક અકેલા સબ પર ભારી .' પહેલાએ જોરથી, વારંવાર અને અનેકવાર વાત દોહરાવી.

' અરે ઘંટો ,અકેલા? એસપીજી અને એનએસજીની ફોજ લઈને ફરે છે. એકલાના ફોટા લેવા ફોટોગ્રાફર-વિડીયોગ્રાફરની ટીમ હોય છે! હા, એક વાત સાચી કે ફોટો ફ્રેમમાં એકલો જ દેખાય તેવું પ્લાનિંગ હોય છે! એક અકેલા ભારી હોય તો વિપક્ષના વાસી, સડેલા, બગડેલા, આઉટ ડેટેડ એકસપાયર ફળ જેવા નેતા કેસરના ભાવે શું કામ ખરીદ કરો છો? વિપક્ષોને તોડવા ભરતીમેળો કેમ કરો છો? બોલો, જવાબ છે તમારા વિશ્વ વલ્લભ, પ્રસિદ્ધિ પ્રગલ્ભ પાસે?' બીજાએ બરાબરીની નવ વરસની દાઝ ઉતારી!

' અરે પરિવારવાદીઓ. તમે દેશને લૂંટ્યો છે. અમારો વારો કયાં આવવા દીધો છે? અમારે પરિવાર ન હોય પણ પેટ હોય કે નહીં? કમિશન લેવા સિવાય કોઈ મિશન નથી! ' પહેલાએ પણ કેસરિયો હલ્લો કર્યો!

'અરે તમારો મંત્રી ચાલીસ ટકા કમિશન ખાઈ જતો હતો.એમપીના મામાના રાજમાં કમિશન પચાસ ટકા થઈ ગયું હતું એ પણ ભૂલી ગયા ?' બીજાએ બરાબરનું સંભળાવ્યું!

' તમારા રાજમાં દંગા, ફસાદ,આતંકી હુમલા વિના દિવસ પૂરો થતો ન હતો. અમારા રાજમાં બધા રફુચક્કર થઈ ગયા. અમારા નેતાએ યુક્રેન યુધ્ધ અટકાવી વિધાર્થીની ઘર વાપસી કરેલી. અમારી જાહેરખબર જોઈ લો!' પહેલાએ મહિમામંડન કર્યુ.

' ફેંકું ભાઈ તમારા વિદેશ મંત્રાલયના અધિકારી તમારી જાહેરખબરના દાવાનું ચીરહરણ કરે છે!અરે નબળો ધણી બૈરી પર શૂરો એમ પાકિસ્તાનને સળીઓ કરો છો. હિંમત હોય તો ચીનને ચિત કરો. આપણી જમીન પચાવે તો સર્જિકલ સ્ટેરાઈકને બદલે ચાઈનીઝએપ પર બેન. લડાઈની યુનિક ટેકનિક છે!' પહેલાએ સોઈ ઝાટકીને આરોપ લગાવ્યો!

પહેલો બીજા પર ધસ્યો. બીજો પહેલા પર ધસ્યો. એકના દેખાડવાના દાંત તૂટી ગયા! વોટ? શું કહ્યું રિપોર્ટર ગિરધરલાલ? દેખાડવાના દાંત. યુ મિન ઈટ! માણસોને ચાવવા, ખાવા, ધાવવાના, ચાટવા, ચુસવા,પીવાના એક જ પ્રકારના દાંત હોય છે! આપણે દેખાડવા માટે ડેન્ચર કે દાંતનું ચોકઠું હોય છે. તમે કોનું રિપોર્ટિંગ કરો છો એ સવાલ થાય તે સ્વાભાવિક છે.

લોકસભાની ભૂતો ન ભવિષ્યતિ એવી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. પાનના ગલ્લે, શેરી મહોલ્લા, બસ સ્ટેન્ડ, બસ, રેલવે, પ્લેન, ટ્રેનમાં રાજકારણની ચટપટી ચર્ચાની ચોવટ ડહોળાય છે. મિત્રો પણ ચર્ચામાં ભાન ભૂલાવી તારે રાહુલ આવો, તારો સાહેબ આવો કહી કુરુક્ષેત્રના યુધ્ધની ઉગ્રતા ઉછીની લઈને મીઠા સંબંધોમાં વખ ધોળી રહ્યા છે!


બખડજંતર ચેનલ કોઈ ન કરે તેવો કાંડ કરે છે. અમારી ચેનલના નામના માલિક બાબુલાલ બબુચકે ચેનલની ટીઆરપી વધારવા અમને ગધેડા પર બિઝનેસ કલાસની ટિકિટ પર કેરલના ત્રિશૂર મોકલ્યા છે! અહીં થારકકલ મંદિર છે. અહીં દાળભાત રોટલી નહીં પણ ઈડલીવડા. ઢોસા સંભારની બોલબાલા છે. અહીં મલયાલમની મીઠાશ છે.
મંદિરની શોભાયમા નીકળી. સાઉથની લાંબા લાંબા વાદ્યો સંગીતની ટીપીકલ સાઈથ ઈન્ડિયન સૂરાવલિ રેલાવી રહ્યા હતા. ચોતરફ મંગલ મંગલ. ક્યાંય નો દંગલમ! એવામાં ઐરાવત જેવા હાથી બાખડી પડયા! હાથીએ એમની ભાષામાં કરેલ સંવાદનો આંખે દેખ્યો અને કાને સાંભળેલો વૃત્તાંત-અહેવાલ મથાળે શબ્દશઃ મરીમસાલો ભભરાવ્યા વિના પ્રસ્તુત કરેલ છે. એમાં અતિશયોક્તિ કે કલ્પનાની કોથમીર ભભરાવી નથી!

થારકલ બોલીએ એટલે કમઅક્કલ કે બોરિયાબકકલ જેવું લાગે છે નહીં? થારકલ મંદિર રાત્રે સાડા દસે અમ્માથિરુવડી ( કોઈએ ભાખરવડી કે વડી એવું વિચારવું નહીં!સૂચના સમાપ્ત!) ભગવાનની શોભાયાત્રા નીકળેલી.એ શોભાયાત્રામાં હાથી મેરે સાથીઓએ ઉત્પાત મચાવ્યો .ઉંદરડી ખરલ ચાટી જાય અને ઉત્પાત મચાવે એવું કહેવાય છે. હાથી મયખાનું ગટગટાવી ગયા હશે કે શું? હાથીના મસ્તિકમાં ગંડસ્થળમાં મદ ઝર્યો હશે કે કેમ તે મહાવત જાણે !હાથીઓ મહાવત કે અંકુશને પણ ન ગાંઠયા.બંને હાથી ચિંઘાડતા રહ્યા .બંનેની માણસોની જેમ એકમેક પર સૂંઢલેણ હુમલો કર્યો!આપણે ત્યાં લોકો બાખડે છે. બોલાચાલી, ધકકામુકકી, ટપલીદાવ, મારપીટ, કપડા પર શાહી ફેંકવી, ઈંડા ટમેટા ફેંકવા, જૂતા ચપ્પલ ફેંકવા, પૂતળા બાળવા વગેરે રચનાત્મક પ્રવૃતિ છે. જે વિશ્વની મહાનતમ અને મજબૂત લોકશાહીના પાયા અને મૂલ્યોને મજબૂતી એવી ઠસોઠસ, ટકે વરસોવરસ જેવી અંબુજા સિમેન્ટ જેવી મજબૂતી પ્રદાન કરે છે!આ સકારાત્મક પ્રવૃત્તિથી રાષ્ટ્ર નિર્માણ અને રાષ્ટ્ર ઘડતર થાય છે!હાથીઓએ સેઈમ ટુ સેઈમ એવું જ કર્યુ!

કહે છે કે એક હાથી પંજાનો સમર્થક હતો અને એક હાથી કમળનો સમર્થક હતો. જો કે , અધિકાર તોર પર તેની પુષ્ટિ થઈ નથી! હે ગજરાજ! તમે , તમને આ શોભાસ્પદ છે? તમે ઐરાવત કુળને લજ્જિત કર્યુ. તમે ધીરગંભીર, ઉદાર ઉદર ધરાવો છો! તમે દિમાગી સંતુલન ગુમાવી લડાઈ કરી! ગજરાજ ચૂંટણી તો આવે અને જાય.હાથી મેરે સાથી જાની દુશ્મન બની જાય તે બરાબર ન કહેવાય !
ભરત વૈષ્ણવ

### મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સાવન કૃપાલ રૂહાની મિશનના ફતેપુરામાં

# અદાણીયા બ્રિજ પાસે આવેલા વડોદરા શાખા કૃપાલ આશ્રમ ખાતે નિઃશુલ્ક સિલાઈ સેન્ટર ખોલવામાં આવ્યું



મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સાવન કૃપાલ રૂહાની મિશનના ફતેપુરામાં અદાણીયા બ્રિજ પાસે આવેલા વડોદરા શાખા કૃપાલ આશ્રમ ખાતે નિઃશુલ્ક સિલાઈ સેન્ટર ખોલવામાં આવ્યું છે. સિલાઈ સેંટર ની પ્રથમ બેચ સફળતાપૂર્વક પૂર્ણ થઈ. મહિલાઓને મિશન દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવ્યું. આ સર્ટિફિકેટ ૬ મહિના ની નિઃશુલ્ક તાલીમ પછી આપવામાં આવ્યું. આ સિલાઈ સેન્ટર માં તમામ મહિલા અને યુવતીઓને સિલાઈ નો સંપૂર્ણ કોર્સ વિનામૂલ્યે કરાવવામાં આવ્યું. કૃપાલ આશ્રમમાં દર રવિવારે એક કલાક ટ્રેનિંગ આપવામાં આવી હતી.

આર્થિક રીતે નબળા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે, સાવન કૃપાલ રુહાની મિશન દ્વારા ભારતના ઘણા રાજ્યોમાં સંત રાજીન્દર સિંહ સિલાઈ પ્રશિક્ષણ કેન્દ્ર ખોલવામાં આવ્યા છે, જેમાં તેમને કુશળ અને અનુભવી મહિલાઓ દ્વારા કટિંગ, ટેલરિંગ, સિલાઈ અને વણાટ વગેરે શીખવવામાં આવે છે. તાલીમ આપવામાં આવે છે જેથી કરીને તેઓ તેમના જીવનમાં આર્થિક રીતે મજબૂત બની શકે અને માત્ર પોતાને જ નહી પરંતુ તેમના પરિવારનું પણ ભરણપોષણ કરી શકે.

સાવન કૃપાલ રુહાની મિશન ના પ્રમુખ સંત રાજીન્દર સિંહજી મહારાજ આજે સમગ્ર વિશ્વમાં ધ્યાન દ્વારા પ્રેમ, એકતા અને શાંતિનો સંદેશ ફેલાવી રહ્યા છે, જેના પરિણામે તેમને ઘણા શાંતિ પુરસ્કારો અને સન્માન તેમજ પાંચ સન્માન મળ્યા છે. વિવિધ દેશોમાંથી ડોક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી છે.સાવન કૃપાલ રૂહાની મિશનના સમગ્ર વિશ્વમાં ૩૨૦૦ થી વધુ કેન્દ્રો સ્થાપિત છે અને મિશન નું સાહિત્ય વિશ્વની ૫૫ થી વધુ ભાષાઓમાં પ્રકાશિત થયું છે.

## ચૈત્ર મહિનો એટલે કીડીને કીડીયારું પૂરવાનો મહિનો



ચૈત્ર મહિનો એટલે કીડીને કીડીયારું પૂરવાનો મહિનો. ચૈત્ર મહિનો કીડી માટે આખા વર્ષનો ખોરાક ભેગો કરવાનો મહિનો છે. આપણે બીજે કશે ન જઈ શકીએ, પરંતુ આપણી સોસાયટીમાં કે તેની આસપાસમાં રહેલા ઝાડ પાસે, પોચી માટીમાં તો કીડીયારું પુરવાનું પુણ્યકાર્ય તો કરી જ શકીએ છીએ . બાજરાનો લોટ, રવો, દળેલી સાકર, સફેદ તલ અને થોડું ઘી ઉમેરીને કીડીયારું બનાવવામાં આવે છે. કરિયાણાની દુકાનવાળા પણ આ મિક્સચર બનાવી આપે છે. એક મુઠ્ઠી કીડીયારું સેંકડો કીડીઓનો ખોરાક બની શકે છે. સૂકા નાળિયેર લઈ તેમાં અડધે સુધી એક હોલ કરી તેમાં ભેજ વગરનો ગોળ,ખાંડ, ઘી મિક્સ વાળો લોટ ભરી જ્યાં કાંટાવાળા વૃક્ષો હોય તેમાં સુરક્ષિત ઊંધા તેમજ ઊંચા ટિંગાળીને પણ કીડિયારું પૂરવાનું સત્કાર્ય કરી શકાય છે. કહેવાય છે કીડીની કીડીયારું પુરવાથી કરજ ઓછુ થાય અને સાત પેઢી શ્રીમંત બને છે. નાળિયેરનાં કીડીયારાને કારણે કીડીને રોટી અને મકાન બંને મળી રહે છે. નાળિયેરમાં ઉપરથી હોલ પાડીને કોપરામાં કીડીયારું ભરવામાં આવે છે બાદમાં વૃક્ષની બખોલમાં મૂકતા કીડીઓ તેની અંદરથી ખોરાક તો લે છે, પણ ચોમાસામાં વરસાદથી બચવા આશરો પણ તેમાં લે છે. આપણે કોઈ પણ વ્યક્તિને ભોજન આપીએ તો તે અંતરથી આપણને આશિર્વાદ આપે છે. તો તેવી જ રીતે કીડીઓને કણ નાખવામાં આવે તો તે પણ આપણને આશિર્વાદ આપે છે. આપણી દરેક મુશ્કેલીમાં એ આશિર્વાદ આપણને બચાવે છે, પરંતુ કીડીઓને કણ નાખવાને લઈને એવું પણ કહેવામાં આવે જે લોકો કીડીયારું પૂરતા હોય તેમને મૃત્યુ પછી પણ સ્વર્ગ મળે છે. ગામડાઓમાં વ્રત-તહેવારે બાળાઓ કીડીયારુ પુરતી જોવા મળે છે કેમ કે કીડીયારું પૂરવું તે ખુબ જ પુણ્યનું કામ કહેવાય છે તેનાથી વ્રત ફળે છે.

- મિત્તલ ખેતાણી

# પી.સી.પી.એન.ડી.ટી એક્ટ ૧૯૯૪ અંતર્ગત જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વર્કશોપનું આયોજન કરાયું

પીસીપીએનડીટી એક્ટનાં અસરકારક અમલીકરણ અને હકારાત્મક પરિણામો મેળવવા માટે ગાંધીનગર જિલ્લા તથા કોર્પોરેશનનાં એક્ટ હેઠળ નોંધાયેલ તમામ સોનોગ્રાફી હોસ્પિટલનાં GYNECOLOGIST, RADIOLOGIST™i વર્કશોપનું આયોજન, ગુજરાત ઈન્સટીટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (જી.આઈ.ડી.એમ) રાયસણ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ અવસરે પ્રાસંગિક ઉદબોદન કરતા અધિક નિયામકશ્રી પરિવાર કલ્યાણ, ડૉ નયન જાનીએ જણાવ્યું હતું કે, આટલી મોટી સંખ્યામાં ગાંધીનગર જિલ્લા અને કોર્પોરેશનના બધા જ ડોક્ટર તથા આરોગ્ય કર્મીઓ મોટી સંખ્યામાં હાજર છે અને જ્યારે બધા રાજ્યના પાટનગરમાં બેસી આ વર્કશોપ કરી રહ્યા છીએ ત્યારે આ મીટીંગ નો હેતુ સેન્સેટાઈઝેશનનો છે, જાગૃતતા નો છે, જો આ એક્ટ ન સમજીએ તો ચાલે નહી, એટલે આ ખૂબ અગત્યનો વર્કશોપ કહી શકાય. તેમ જણાવતા વધુમાં ઉમેર્યું હતું કે,હંમેશા માટે એ વિચારીને આગળ વધવું જોઈએ કે બીજા રાજ્યની શું પરિસ્થિતિ છે, અને આપણી શું પરિસ્થિતિ છે, જિલ્લા એ પણ જિલ્લાની શું પરિસ્થિતિ છે. સંપૂર્ણ ભારતના બધા રાજ્યમાં ગુજરાત કયા સ્થાને છે? આ પ્રશ્ન સાથે તેમણે જણાવ્યું હતું કે, સર્વશ્રેષ્ઠ કોઈ કામ કરી રહ્યું હોય તો એની સમકક્ષ આપણે કેમ ન પહોંચીએ. આપણે દર વર્ષે ૧૨ લાખથી વધુ જન્મ નોંધીણી કરીએ છીએ, એટલે આ નોંધણી પરથી આપણને ખબર પડી જાય કે, આમાં દીકરા કેટલા, દીકરીઓ કેટલી. સેમ્પલ સર્વે થોડું પ્લસ માઈનસ હોઈ શકે, આપણી પાસે એક પોર્ટલ છે જન્મ મરણનું અને જેમાં દર વર્ષે ગુજરાતમાં ૧૨ લાખને ૫૦ હજાર થી ૬૦ હજાર જન્મ થાય છે ,એમાં કોર્પોરેશન વિસ્તાર સહિત ૩૩ જિલ્લાઓ પણ આવી ગયા.

ચિંતા સાથે તેમણે એમ પણ જણાવ્યું હતું કે, જો ગુજરાતની વાત કરવામાં આવે તો બધા ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર છે, રોલ મોડલ છે, પણ દુઃખની વાત એ છે કે જે સામાજિક રીતે સંકળાયેલા ઈન્ડિકેટર છે,એમાં લગભગ આપણે કોઈમાં પહેલા સ્થાને નથી. તેમણે કેરળ અને મહારાષ્ટ્રનો દાખલો આપતા ઉમેર્યું હતું કે, આપણે આ સેક્સ રેસીયોની બાબતે આદર્શ નથી જે ચિંતા નો વિષય છે. આ માટે આપણે સૌએ સાથે મળીને કાર્ય કરવાનું છે. આ સાથે જ તેમણે વિનંતી સહ જણાવ્યું હતું કે આ એક ગંભીર પ્રશ્ન છે?, આપણે બધા એક થઈને કઈ રીતે નિવારી શકીયે છીએ તે વિચારવું ખૂબ જરૂરી છે. સરકાર તો સરકારનું જે પણ કામ છે એ સારી રીતે કરતી જ હોય પણ આ વિષયમાં જનભાગીદારી ન હોય તો આ ઈન્ડિકેટર આપણે સુધારી નહીં શકીએ.

વર્કશોપના આયોજન અંતર્ગત શાબ્દિક સ્વાગત કરતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી એ. જે વૈષ્ણવે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં આપણે ત્યાં જાતીય રેશિયો ઘટતો આવ્યો છે જે ચિંતા નો વિષય છે, જેમાં કલોલ તાલુકામાં દર હજારે ફીમેલ નો રેશિયો ૮૭૯ જેટલો ઘટ્યો છે, કોર્પોરેશન વિસ્તારની વાત કરવામાં આવે તો ત્યાં પણ ૮૭૫ તથા માણસા અને દેહગામમાં ૯૦૦ ઉપર છે, એટલે કે જિલ્લાનો સમગ્ર સેક્સ રેસીયો ૧હજાર પુરુષોએ ૯૦૪ મહિલાઓની સંખ્યા છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




***N.O.G. S.S. No. 384* .**
વિષય :- ★અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ★ .
પ્રકારઃ- ★ગદ્ય લેખ★ શબ્દ- ★૨૫૪★ શીર્ષકઃ ★પૃથ્વી પરનો અવકાશી તારો સુનિતા વિલિયમ્સ★ .

૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫ ના રોજ યુક્લિડ, ઓહિયોમાં ડૉ. દીપક અને બોની પંડ્યાને ત્યાં જન્મ થયેલ અને બાળપણથી જ વિમાન ઉડાનનો શોખ ધરાવતા. વિલિયમ્સને મે ૧૯૮૭માં યુનાઈટેડ સ્ટેટ્સ નેવલ એકેડેમી તરફથી યુનાઈટેડ સ્ટેટ્સ નેવીમાં એન્સાઈન તરીકે કમિશન મળ્યું. જુલાઈ ૧૯૮૯માં તેમને નેવલ એવિએટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ત્યારબાદ સપ્ટેમ્બર ૧૯૯૨માં, તેમને યુએસએસ સિલ્વેનિયા પર હરિકેન એન્ડ્રુ રિલીફ ઓપરેશન્સ માટે મિયામી, ફ્લોરિડામાં મોકલવામાં આવેલી ૐ-૪૬ ટુકડીના ઓફિસર-ઈન-ચાર્જ હતા. જાન્યુઆરી ૧૯૯૩માં તેમણે કોર્ષ શરૂ કર્યો. ડિસેમ્બર ૧૯૯૩માં સ્નાતક થયા પછી, તેમને સ્ક્વોડ્રન સેફ્ટી ઓફિસર તરીકે નિમણુંક થયા . અવકાશયાત્રી કાર્યક્રમ માટે પસંદગી પામ્યા ત્યારે વિલિયમ્સને યુ એસ એસ સૈપનમાં તૈનાત કરવામાં આવ્યા હતા. ૩૦ થી વધુ વિવિધ વિમાનોમાં ૩૦૦૦ થી વધુ ઉડાન કલાકો પૂરા કર્યા છે.

આઈ એસ એસ,ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન) ઉપર નવ મહિનાથી વધુ સમય વિતાવ્યા પછી, વિલિયમ્સ અને વિલ્મોર ૧૮ માર્ચ, ૨૦૨૫ ના રોજ તેમના ડ્રેગન અવકાશયાનમાં પૃથ્વી પર પાછા ફર્યા.ૈજીજી પર આ ૨૮૬ દિવસના રોકાણથી વિલિયમ્સનો અવકાશમાં કુલ સમય ૬૦૮ દિવસ થયો, જે પેગી વ્હિટસન પછી નાસાના અવકાશયાત્રીઓમાં બીજા ક્રમે છે, જેમણે અવકાશમાં ૬૭૫ દિવસ વિતાવ્યા છે. જો સામાન્ય માનવીને કદાચ એક કલાક બસ મોડી પડે તો કેટલો સનેપાત થાય છે! અને અવકાશમાં એક અઠવાડિયાના કામ માટે જવાનું હતું તેના નવ માસ સુધીના સમય ગાળા દરમિયાન રોકાવાનું થયું હશે ત્યારે તેની મનોદશા કેવી હોય ! છતાં સુનિતાવિલિયમ્સ ની સહનશીલતાને ધન્યવાદ છે. ૧૯૮૭ થી શરૂ કરીને ઘણી મહેનત કરીને ૨૦૨૫ સુધીની તેમની સફર સફળ રહી છે . આ ઘટના ૨૧મી સદીના ઉજ્વળ ભવિષ્યની ઘોષણા માટેની સાબિતી આપતું હોય તેવી રહી છે .નારી શક્તિ એ આવનાર દિવસોમાં ઘણા સફળતા ના શિખરો સર કર્યા છે તેનું જીવંત ઉદાહરણ છે .- ★ડો સતિષ એસ. પટેલ " પ્રકૃતિ રક્ષક " અમદાવાદ★ .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 372**
વિષય : અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ.
શીર્ષક : પ્રેરણા સ્ત્રોત સુનિતા વિલિયમ્સ.
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૦૬

ભારતીય મૂળના પિતાશ્રી દીપક પંડ્યા તથા સ્લૉવેનીઝ વંશના માતૃશ્રી બોની પંડ્યાની કૂખે સુનિતા વિલિયમ્સ જન્મ્યાં હતાં. તેઓનો જન્મ ૧૯-૦૯-૧૯૬૫ ના રોજ અમેરિકાના ઓહાયો રાજ્યમાં થયેલો. તેમનો પરિવાર ભારતના ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના ઝુલાસણ ગામનો છે.

સુનિતા વિલિયમ્સે પોતાનો કાર્યકાળ અમેરિકન નેવીમાં નેવલ ઍવીએટર તરીકે શરૂ કર્યો હતો. જ્યાં ૩૦થી પણ વધુ વિમાનોમાં ૩૦૦૦ કલાકથી વધુ ઉડ્ડયનનો અનુભવ મેળવી તેઓએ ૧૯૯૮ માં નાસામાં જોડાઈ, પોતાની અવકાશ ક્ષમતા સાબિત કરી.
પ્રથમ અવકાશયાત્રા તેમણે ૨૦૦૬-૦૭ માં આરંભી. ૧૯૫ દિવસની આ અવકાશયાત્રા દરમિયાનૈજીજી ઉપર સૌથી વધુ સ્કાયવૉક ૫૦ કલાકથી વધુનો રેકોર્ડ સ્થાપ્યો. ૨૦૧૨ ની એમની દ્વિતીય અવકાશયાત્રા પણ ૩૨૨ દિવસની રહી.

સુનિતા વિલિયમ્સની તાજેતરની અવકાશયાત્રા, એમની કારકિર્દીની ત્રીજી અવકાશયાત્રા, તેમના સાથી અવકાશયાત્રી બેરી બુચ વિલ્મોરે સાથે ૫ જુન ૨૦૨૪ ના રોજ ફ્લોરિડાના કેપ કેનાવેરલ સ્ટેશનથી બોઈંગ સ્ટારલાઈનર અવકાશયાન મારફતે આરંભી. સ્ટારલાઈનરે ૬ જુન ૨૦૨૪ ના રોજૈજીજી સાથે સફળતાપૂર્વક ડોકિંગ કર્યું પરંતુ એમાં અનેક તકનીકી ખામીઓ સામે આવી. આથી નાસાએ નિર્ણય લીધો કે સ્ટારલાઈનરને અવકાશયાત્રીઓ વિના જ પાછું લાવવામાં આવે. આમ, માત્ર આઠ દિવસ માટે નિર્ધારિત આ અવકાશયાત્રા સુનિતા વિલિયમ્સ અને બુચ માટે લંબાઈ ગઈ. અવકાશમાં તેમનું રોકાણ ૮ દિવસથી વધીને ૨૮૬ દિવસનું થઈ ગયું.

ૈજીજી માં આ રોકાણ દરમિયાન સુનિતા વિલિયમ્સે અનેક વૈજ્ઞાનિક પ્રયોગો હાથ ધર્યા. જેમાં બાયોલોજી, ફિઝિક્સ, અને મટીરીયલ સાયન્સના સંશોધનોનો સમાવેશ થાય છે. તેમણે કુલ ૬૨ કલાક ૬ મિનિટ ના સ્પેસવૉકનો વિક્રમ પણ સ્થાપ્યો જે મહિલા અવકાશયાત્રીઓમાં સૌથી વધુ સ્પેસવૉક છે. ૧૮ માર્ચ ૨૦૨૫ ના રોજ સ્પેસએક્સનું ડ્રેગન સુનિતા વિલિયમ્સ અને બુચને લઈને ફ્લોરિડાના પેન્સાકોલા નજીક સમુદ્રમાં સફળતાપૂર્વક ઉતર્યું.

સુનિતાએ તેમની આ ત્રણ અવકાશ યાત્રાઓ થઈ કુલ ૬૦૮ દિવસ અવકાશમાં વિતાવ્યા. આવકાશયાત્રા દરમિયાન તેમણે ભગવદ્ ગીતાનું પઠન કર્યું તથા સમોસા જેવી વાનગીઓ આરોગી એ એમની ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની લાગણીઓનું દર્શન કરાવે છે.

સુનિતા વિલિયમ્સ આજે યુવાનો અને સ્ત્રીઓ માટે પ્રેરણાના સ્તોત્ર સમાન છે. તેમની સફળતા દર્શાવે છે કે સપના પૂરા કરવા માટે કોઈ સીમા નથી, મહેનત અને હિંમતથી ઉડાન ભરીએ તો આકાશ પણ નાનું પડે!

સંજય બી. મહેતા..અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS No.: 0141***
★વિષયઃ "અવકાશયાત્રી સુનિતા વિલિયમ"★
★શીર્ષકઃ "શું કામ જવાનું?"★
★પ્રકારઃ પદ્ય/અછાંદસ સોનેટ★ ★શબ્દોઃ ૧૪૨★

છે અઘરું અવકાશમાં રહેવું, કોઈ જાતના આધાર વિના;
ગોળગોળ ફરે, ચક્કર છહે, એકનાં એક, દશ્ય ફરે જેના!

વૃક્ષ વનસ્પતિ, વેલા છોડવા, વન, પહાડો પર્વત ભેખડો;
ઘર સીમ આગળના, ઝાડ નીમ આંબો, બાવળ આકડો!

નદીનાળાં, તળાવ સરોવર, ઝરાધોધ કલકલ શાં ઝરણાં;
પ્રાણી હિંસક, સિંહ વાઘ વરું, પશુ હાથી પ્યારાં હરણાં!

વેરાન વગડો, ગીચ ઝાડી, વાડી કુંજ; બાગ ફૂલે ખરતો;
ઊંડો સમુદ્ર, રણ મઢ મહેલ, ગઢ કિલ્લા ઊંચી ઈમારતો!

હિતેચ્છુ સગાં, વહાલાં માતપિતા, સ્વજન સખા સહેલી;
ઊંચે ઊડવા, છોડી સઘળું, પડે માણવી પળો ના ટહેલી!

ખાવું પીવું હરવું ફરવું, સાહ્યબી સુખ, મોજમજા મળતી;
બની નિષ્ઠુર, ધરા છોડી, ઉપર પગરણ, આંખ ન વળતી!

સુદૂર બેઠે, જોઈ સઘળું, રડે આંખ, હૃદય દ્રવી જ જવાનું;
કો ના'વે અમથુંય, એવે દૂર, 'સુનિતા' જેમ શું કામ જવાનું?

★: રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : અવકાશયાત્રી સુનિતા વિલિયમ
શીર્ષક : ગૌરવંતી અવકાશયાત્રી સુનિતા વિલિયમ.
પ્રકાર : પદ્ય, શબ્દ : ૮૩

" સ્ત્રી સશક્તિકરણની, અદભુત મિસાલ છે, સુનિતા વિલિયમ,
ભારતની એ દુહિતાનાં અપ્રિતમ કાર્યને, બિરદાવતું સૌ કોઈ કરીને નમન.

અઘરું અને અટપટુ ભણીને, આંતરિક્ષમા જવાનું સ્વીકાર્યું, પૂર્ણ કરવા, સેવેલી ખેવનાને પ્રતિપળ,
નવ માસની અવધી વિતાવી, સીચ્યું જ્ઞાન ત્યાં,કરી કર્મ બન્યા સફળ.

જ્ઞાન અને સૌમ્યતાની ખાણ સમા,નવાજાયા એ પ્રશસ્તીપૂર્ણ પારિતોષીકોથી વખતોવખત,
પદ્મવિભૂષણના તાજ થકી સન્માનિત એ આસ્તિક અવકાશયાત્રી નારીની વાત છે ગજબ.

પ્રચંડ પરિશ્રમ સંગ, જીવનથી પ્રાપ્ય સફળતાને નિહાળતી સૃષ્ટિ,અનુભવીને અચરજ,
ગૌરવંતી એ નારી છે મૂળ ભારતની, એ વાતથી ફુલતી મારી છાતી ગજગજ."

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

# જયપુરના તેજાજી મંદિરમાં મૂર્તિ તોડવાના મામલે હોબાળો: સેંકડો લોકોએ ટોંક રોડ બ્લોક કરી સૂત્રોચ્ચાર કર્યા



જયપુરના વીર તેજાજી મંદિરમાં અસામાજિક તત્વોએ પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું. આ ઘટના સાંગાનેર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા પ્રતાપ નગર મંદિરમાં બની હતી. મળતી માહિતી મુજબ, શુક્રવારે મોડી રાત્રે અસામાજિક તત્વોએ પ્રાચીન મંદિરમાં મૂર્તિને નુકસાન પહોંચાડ્યું.શનિવારે સવારે પોલીસને આ માહિતી આપવામાં આવી હતી. આ દરમિયાન, બધા સમુદાયના લોકો અહીં પહોંચ્યા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. ઘટનાની માહિતી મળતા જ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.ગુસ્સે ભરાયેલા લોકોએ મંદિરની સામે જયપુર-ટોંક રોડ બ્લોક કરી દીધો. જામના કારણે એરપોર્ટ જતા લોકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.આ તેજાજીનું ખૂબ જ જૂનું સ્થળ છે. દર વર્ષે અહીં મેળો ભરાય છે. તેજાજીની પ્રતિમા તૂટી ગઈ છે. પોલીસ પ્રશાસને ૧૨ કલાકનો સમય માગ્યો છે. લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી છે, તેથી વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળના કાર્યકરો સાથે સેંકડો સ્થાનિક લોકોએ રસ્તો રોકી દીધો છે. પોલીસ વહીવટીતંત્ર તરફથી કોઈ નક્કર ખાતરી ન મળે ત્યાં સુધી લોકો રસ્તા પર રહેશે.પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસ દળ સ્થળ પર તૈનાત કરવામાં આવ્યું છે. વહીવટીતંત્રે લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે અને આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. હાલમાં, પોલીસ મંદિરમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરી રહી છે. આરોપીઓની ટૂંક સમયમાં ધરપકડ થવાની શક્યતા છે.

# સૌરાષ્ટ્રમાં અસામાજિક તત્ત્વો સામે એકશનઃ ગેરકાયદે બાંધકામો સફાયો

ઓપરેશન- ૧૦૦' અંતર્ગત હિસ્ટ્રીશીટરોની સામે કડક કાર્યવાહીના ભાગરૂપે આજે ગોંડલ, કોટડાસાંગાણી, જામકંડોરણા, દ્વારકા, ઓખા, સાવરકુંડલામાં અસામાજિક તત્ત્વોનાં ગેરકાયદે બાંધકામો પર સરકારી બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આ સાથે યાત્રાધામ દ્વારકામાં એક દબાણરૂપ ધર્મસ્થાન પણ ધરાશાયી કરવામાં આવ્યું હતું. ગોંડલમાં અનેક ગુન્હાનો ઈતિહાસ ધરાવતા આરોપી ઈરફાન હસનભાઈ કટારીયાની ગેરકાયદેસર મિલ્કતમાં બુલડોઝર ફરી વળ્યું હતું. પોલીસે વોરાકોટડા રોડ ઉપર આવેલ પંચપીરની ધાર પાસે રહેતા ઈરફાન કટારીયાના રહેણાંક સ્થળોએ બાંધકામ તોડી પડાયા હતા. કોટડાસાંગાણીમાં સરકારી ખરાબાની રૂ. ૧.૨૦ કરોડની કિંમતની ૧૨૦૦ ચો.મી. જમીન પર ગુલાબ રહેમાન મકવાણા નામના શખ્સે



પેશકદમી કરી હતી.જેમાં આજે મામલતદારની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે બુલડોઝર ફેરવી દીધું હતું. જામકંડોરણા પંથકમાં અવારનવાર મિલ્કત સંબંધી, શરીર સંબંધી, દારૂ અને જુગારમાં પકડાયેલ ઈસમોનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. જે અનુસંધાને જામકંડોરણા તાલુકાના નાના ભાદરા ગામે ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા ભરત ઉર્ફે ભુરીયો ધીરૂભાઈ મજેઠીયા સામે જામકંડોરણા, જેતપુર, લોધીકા, રાજકોટ, કાપોદ્રા, કામરેજ સહિતના અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં દારૂ જુગાર અને માથાકૂટના દસેક જેટલાં ગુન્હા નોંધાયેલા છે, જેથી મામલતદાર કચેરી દ્વારા તેના મકાન, મિલ્કતનાં દસ્તાવેજ વેરીફાઈ કરી ગેરકાયદે બાંધકામની નોટિસ આપવામાં આવી હતી. આજરોજ નાના ભાદરાથી દુધીવદર જવાના રસ્તે તેણે ૧૦૦ ચોરસવાર જમીન પર બેલાનું ચણતર કરી મકાન બનાવેલું હતું, તેને પોલીસ અને મામલતદારની ટીમ સાથે મળીને જેસીબીની મદદથી તોડી પાડવામાં આવ્યું હતું. સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે સરકારી તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં બસ સ્ટેન્ડ રોડથી રાજુલા રોડ અને સાવરકુંડલા રોડ સુધીના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા ઓટલા અને દુકાનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં ૨૦ થી ૨૫ જેટલા ઓટલા અને એક દુકાન તોડી પાડવામાં આવી હતી. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટે તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેથી સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે દબાણ કરનારાઓમાં તંત્રની આ કાર્યવાહીથી ફફડાટ ફેલાઈ ગયો છે.

# રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે મકાઈ, બાજરી, જુવાર અને રાગીની સીધી ખરીદી કરાશે

કેન્દ્ર સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે ટેકાનો ભાવ મકાઈ માટે રૂ. ૨,૨૨૫/- પ્રતિ ક્વિ. બાજરી માટે રૂ. ૨૬૨૫/- પ્રતિ ક્વિ.,જુવાર(હાઈબ્રીડ) રૂ. ૩૩૭૧/- પ્રતિ ક્વિ, જુવાર (માલદંડી) રૂ.૩૪૨૧/- પ્રતિ ક્વિ. તથા રાગી માટે રૂ. ૪૨૯૦/- પ્રતિ ક્વિ. નિયત કરવામાં આવ્યા છે. જેમાં બાજરી, જુવાર અને રાગી માટે ટેકાના ભાવ ઉપરાંત રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિ. બોનસ આપવામાં આવશે. ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે મકાઇ, બાજરી, જુવાર, તથા રાગીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી., મારફતે કરવામાં આવનાર છે.

નોંધણી પ્રક્રિયાઃ- લઘુતમ ટેકાના ભાવે મકાઈ, બાજરી, જુવાર અને રાગીના ના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તા. ૦૧ થી ૩૦ એપ્રિલ-૨૦૨૫ સુધી કરવામાં આવશે . આ ખરીદી તા. ૦૧



મેથી ૧૫ જુલાઈ-૨૦૨૫ સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂતો મિત્રોને અપીલ કરવામાં આવે છે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

ડોક્યુમેન્ટ્સઃ- નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમૂનો, ૭/૧૨ ,૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંક પાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજયના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે. ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને જીસ્જી મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે ખેડૂત ખાતેદાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે



મહેસાણા ખાતે આવેલી (જીટીયુ-આઈટીઆર) જીપેરી દ્વારા તારીખ ૨૪/૦૩/૨૦૨૫ થી તાઃ૨૮/૩/૨૦૨૫ સુધી એમ ૫ દિવસીય ક્રિકેટ સ્પર્ધાનું મહાઆયોજન મહેસાણા ના સરદાર પટેલ સ્ટેડિયમમાં કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં જીટીયુ સાથે સંકળાયેલ ગુજરાતની ડિપ્લોમા કોલેજની ટીમો એ ભાગ લીધો હતો. જેમાં રાજકોટ, દમણ, જામનગર, વડોદરા, વાસદ, અમદાવાદ તથા મહેસાણાની કુલ ૧૦ કોલેજ ની ટીમો એ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાઈઓમાં અવપતી રાજકોટ ની ટીમ ચેમ્પિયન બની હતી.જ્યારે જીપી દમન ની ટીમ ઉપ વિજેતા બની હતી. આ સમગ્ર સંચાલન જી.ટી.યુ.ના રમત-ગમત વિભાગના વડા ડૉ.આકાશ ગોહિલ (સ્પોર્ટ્સ ઓફિસર, જીટીયુ) ના માર્ગદર્શનમાં તથા જીપેરી કોલેજ ના આચાર્યશ્રી ડો.ચિરાગ વિભાકર ના માર્ગદશન હેઠળ સંસ્થાના રમત ગમત પ્રશિક્ષક ડૉ.સાધુ નરહરિપ્રસાદ દ્વારા કરવામાં આવ્યું હતું.

### એક પત્ર વાંચી ભગવાન શ્રી કૃષ્ણ રુક્ષ્મણીજીને માધવપુર ઘેડ લઇ આવ્યા હતા અને લગ્ન કર્યા

# આ વર્ષે માધવપુર ઘેડ મેળાના ભાગ રૂપે ઉત્તર પૂર્વ તથા ગુજરાતના લોકકલાકારો દ્વારા અમદાવાદ, સુરત અને વડોદરા ખાતે હજારો લોકોની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે

માધવપુર ગુજરાતના સૌરાષ્ટ્રના દરિયા કિનારે પોરબંદર જિલ્લામાં આવેલું છે. જે પોરબંદરથી ૪૬ કિલોમીટર દૂર પૌરાણિક ઐતિહાસિક અને વિરાસત સમું ગામ છે. માધવપુરનો બીચ ખૂબ જ રમણીય અને સેલાણીઓને આકર્ષે છે. માધવપુર ઘેડનો મેળો એટલે કે અગ્નિદેવની સાક્ષીએ બે આત્માઓને લગ્નના પવિત્ર સંબંધથી જોડતો જ્ઞાન, ભક્તિ અને હર્ષોલ્લાસનો મેળો. માધવપુરનો મેળો એટલે માધવજીના પરિણયનો મેળો. આ મેળો ચૈત્ર સુદ નોમથી ચૈત્ર સુદ તેરસ સુધી પાંચ દિવસ સુધી ભરાય છે. આ વર્ષે તારીખ ૬ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન મેળાનું ભવ્ય આયોજન રાજ્ય સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તેમજ ગુજરાત પ્રવાસન નિગમ તેમજ સ્થાનિક પ્રશાસન સહિતના વિભાગો દ્વારા કરવામાં આવ્યું છે. ચાર દિવસ માધવપુરમાં મેળો અને પાંચમા દિવસે દ્વારકામાં માતા રુક્ષ્મણીનો સત્કાર સમારંભ ભવ્ય રીતે ઊજવાય છે.



ભૌગોલિક રીતે ઊંધી રકાબી આકાર ધરાવતા ઘેડ વિસ્તારમાં માધવપુર નામે નાનું ગામ જનઆસ્થાનું મોટું કેન્દ્ર છે. દરિયા કિનારા સામે વસેલું આ ગામ ભગવાન શ્રી કૃષ્ણ અને રુક્ષ્મણીજીના વિવાહનું સાક્ષી છે.

માધવપુર મેળાનો ઈતિહાસ મહાભારતકાળ સાથે જોડાયેલો છે. પૌરાણિક કથાઓ અને પુરાણો અનુસાર ભારતના ઉત્તર પૂર્વ વિસ્તારમાં એ સમયના રાજા ભીષ્માકની રાજ કુવારી રુક્ષ્મણીજીના લગ્ન તેમના ભાઈ રુકમૈયાની ઈચ્છાથી શિશુપાલ સાથે નક્કી થાય છે. રુક્ષ્મણીજીને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે અપાર પ્રેમ છે અને તેઓ ભગવાન શ્રીકૃષ્ણને લગ્ન માટે પત્ર લખે છે. આ પત્ર દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણને પહોંચાડવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ ઉત્તર પૂર્વમાં જઈ રુકમૈયાને હરાવી રુક્ષ્મણીનું હરણ કરી દ્વારકા પરત ફરતી વખતે એ સમયના માધવ તીર્થ એટલે કે હાલના માધવપુરમાં લગ્ન વિધિ સંપન્ન કરે છે .ભગવાન શ્રીકૃષ્ણને કુંવારી ભૂમિ પર લગ્ન કરવા હતા, એટલે દરિયાદેવે અહીં ભગવાનને જગ્યા કરી આપી, એ સ્થળ એટલે મધુવન એ ખૂબ જ રમણીય અને શાંતિ આપનારું છે.

લગ્ન વિધિ માટેના ચોરી માયરાના સ્થાપત્યના અંશો માધવપુરે સાચવી રાખ્યા છે. કુદરતે માધવપુર અને આસપાસના વિસ્તારને ખોબલે ખોબલે સુંદરતા આપી છે. જે ભાવિકોને મોહી લે છે.

ચૈત્ર સુદ નોમ એટલે કે ભગવાન શ્રી રામના પ્રાગટ્ય દિવસે ગણેશ સ્થાપનાથી આ મેળાની શરૂઆત થાય છે. ત્યાર બાદ રાત્રે ૦૯.૦૦ કલાકે ભગવાન માધવરાયજી અને



ત્રિકમરાયજીના મંદિરેથી પહેલા ફૂલેકાનો પ્રારંભ થાય છે. ચૈત્ર સુદ દસમ તથા એકાદશીના દિવસે બીજું અને ત્રીજું ફુલેકું નીકળે છે.

ચૈત્ર સુદ બારસ વિવાહ ઉત્સવ તરીકે શ્રદ્ધાપૂર્વક ઊજવાય છે. જેમાં મહેર સમુદાયના લોકો ધજાઓ સાથે શણગારેલા હાથી, ઉંટ અને ઘોડા પર સવાર થઈને રુક્ષ્મણીનું મામેરું લઈ આવે છે. જ્યારે બપોરે ૧૨.૦૦ કલાકે મધુવનમાં આવેલ મહાપ્રભુજીના પવિત્ર સાંનિધ્યમાં રુક્ષ્મણીના પિયર પક્ષની જગ્યામાં 'રુક્ષ્મણી મઠ'થી ભગવાન શ્રીકૃષ્ણનું સામૈયું કરવામાં આવે છે. અને ચાર ફેરા જેવા પ્રસંગો જોવા માટે દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આવે છે. આ મેળા માટે 'માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન' લગ્નગીત પણ જાણીતું છે.

હવે શ્રીકૃષ્ણ - રુક્ષ્મણી વિવાહનો આ લોકમેળો રાષ્ટ્રીય સ્તરે વિસ્તર્યો છે. વર્ષ ૨૦૧૮થી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ મેળાએ રાષ્ટ્રીય બહુમાન મેળવ્યું છે. ભારત સરકાર તેમજ ગુજરાત સરકારના સંકલનથી અહીં સાંસ્કૃતિક ઉત્સવ યોજાય છે, જેમાં ભારતના પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિને જોડતી ભવ્ય સંસ્કૃતિ કૃતિઓ બંને પ્રદેશોના કલાકારો પ્રસ્તુત કરે છે. વર્ષ ૨૦૨૫ના આ મેળામાં પ્રથમ વખત મોટા સ્તરે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉત્તર પૂર્વના ૮૦૦ અને ગુજરાતના ૮૦૦ એમ ૧૬૦૦ કલાકારો ભવ્ય પ્રસ્તુતિ કરશે.

આ મેળામાં અરુણાચલ પ્રદેશ, આસામ, સિક્કિમ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરાના લોકો પણ આ મેળામાં જોડાઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને ચરિતાર્થ કરી રહ્યા છે.

માધવપુરના આ અસલી સોરઠી મેળામાં નવપરણિત યુગલો સહિત યુવાનો પવિત્ર પ્રેમના સમન્વયની આ પળના અચૂક સાક્ષી બને છે. અહીં મેળામાં ભાતીગળ વસ્ત્ર-અલંકારો પહેરીને ગીતો ગાતી અને રાસડે રમતી વિવિધ સમાજની સ્ત્રીઓ સૌરાષ્ટ્રની સંસ્કૃતિના દર્શન કરાવે છે. જગતનાં દુ:ખોને ભૂલીને અબાલવૃદ્ધ સહિત તમામ વર્ગના લોકો પાંચ દિવસ સુધી ભક્તિ, આનંદ, ઉલ્લાસ અને આધ્યાત્મરસમાં લીન થઈને આ મેળામાં સહભાગી બને છે.

આ વર્ષે માધવપુર મેળાનો મહિમા ચોમેર પ્રસરાય તે માટે જુદા જુદા જિલ્લામાં પ્રિ-પ્રોમશનલ કાર્યક્રમો પણ યોજવાના છે. અમદાવાદ, સુરત અને વડોદરા ખાતે હજારો લોકોની ઉપસ્થિતિમાં ઉત્તર પૂર્વ તથા ગુજરાતના લોકકલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે.

# વામનબંધુ ફાઉન્ડેશન અને સિનિયર સિટીઝન ફોરમ - કરમસદ દ્વારા સન્માન સમારોહ યોજાયો

વામનબંધુ ફાઉન્ડેશન , આણંદ અને સિનિયર સિટીઝન ફોરમ , કરમસદ ના ઉપક્રમે સિનિયર સિટીઝન સેન્ટર , કરમસદ ખાતેવામનબંધુ ફાઉન્ડેશનના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિ અને કરમસદ ફોરમના પ્રમુખ હરિકૃષ્ણ ભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સન્માન સમારોહ અને સંગીત સંધ્યા નો કાર્યક્રમ યોજાયો હતો.



આ પ્રસંગે વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ બારમા સર્વજ્ઞાતિસમૂહ લગ્નોત્સવમાં સિનિયર સિટીઝન ફોરમ - કરમસદ ના હોદ્દેદારો દ્વારા તેમનો હોલ નિઃશુલ્ક વપરાશ માટે આપેલ હોવાથી વામનબંધુ ફાઉન્ડેશન ના હોદ્દેદારો દ્વારા તેમનો આભાર માની સન્માન કરવામાં આવ્યું હતું. સિનિયર સિટીઝન ફોરમ - કરમસદ ના પ્રમુખ હરિકૃષ્ણભાઈ બી. પટેલ , મંત્રી કાન્તિભાઈ બી. પારેખ, ખજાનથી વિનુભાઈ જી. પટેલ અને ટ્રસ્ટી નરેન્દ્રભાઈ આર. પટેલનું વામનબંધુ ફાઉન્ડેશન ના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિ , ટ્રસ્ટી લા. દિપકભાઈ કે. શાહ , સલાહકાર સભ્ય કૃષ્ણકાંત જી. શાહ ( પ્રમુખ : સિ. સિ. ફોરમ - આણંદ,) સુનિલભાઈ એન. પટેલ ( પ્રમુખઃ જલારામ અન્નપૂર્ણા માનવ સેવા સમિતિ - મોગરી ) રીટાયર્ડ ઈનકમટેક્ષ ઓફિસર ભીખુભાઈ પ્રજાપતિ , રાવજીભાઈ ભોઈ દ્વારા ઉપરણાથી સન્માન કરવામાં આવ્યું હતું . આ પ્રસંગે લાયન્સ ક્લબ કરમસદ ના પ્રમુખ સેજલબેન પંચાલ, મંત્રી ડોલીબેન પટેલ અને પ્રકાશભાઈ ગજ્જર તેમજ રીતેષ પંચાલનું વામનબંધુ ફાઉન્ડેશ દ્વારા ઉપરણાથી સન્માન કરાયું હતું. લાયન્સ ક્લબ કરમસદના હોદ્દેદારો એ વામનબંધુ ફાઉન્ડેશન ના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિ નું સમૂહલગ્નની સરાહનીય પ્રવૃતિ બદલ સરદાર પટેલ નો ફોટો આપી સન્માન કરાયુ હતુ. વામનબંધુ ફાઉન્ડેશન દ્વારા સમૂહલગ્ન માં સહયોગ આપનાર કાર્યકરોનું પણ સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે વામનબંધુ ફાઉન્ડેશન ના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિ એ સમૂહલગ્ન માં સહકાર આપનાર સૌ કાર્યકરો ની સરાહના કરીને સંસ્થાની ગતિવિધિ આપી હતી.

આ પ્રસંગે વામનબંધુ ફાઉન્ડેશન ના ટ્રસ્ટી લા. દિપકભાઈ કે. શાહે પ્રસંગોચિત પ્રવચન કર્યુ હતુ.

શિવસાગર મ્યુઝિકલ પાર્ટીના કલાકારો અનિલ ઈનામદાર , યોગેશભાઈ પારેખ, નિલેશભાઈ પટેલ , ભાવિનાબેન પટેલ અને પિયુષભાઈ પંચાલે જુના ફિલ્મી ગીતો રજૂ કરી સૌને આનંદવિભોર કરી દીધા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્થ મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવ્યુ હતુ.

સિ.સિ. ફોરમ - કરમસદ ના મંત્રી કાન્તિભાઈ પારેખે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. અને નિવૃત ઈન્કમટેક્ષ ઓફિસર ભીખુભાઈ પ્રજાપતિએ આભારવિધિ કરી હતી.

# વિઝાએ ભારતમાં સાયબર સુરક્ષા તાલીમને મજબૂત કરવા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી સાથે ભાગીદારીની જાહેરાત કરી

ગાંધીનગર, ૨૮ માર્ચ, ૨૦૨૫: ડિજિટલ પેમેન્ટમાં ગ્લોબલ લીડર વિઝાએ આજે ભારતમાં સાયબર સુરક્ષા શિક્ષણને આગળ વધારવા માટે ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ રાષ્ટ્રીય મહત્વની સંસ્થા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયુ) સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી હતી. આ સીમાચિહ્નરૂપ ભાગીદારી વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો, સાયબર સિક્યોરિટી લીડર્સ અને કાયદાનો અમલ કરાવતી સંસ્થાઓને ઉભરતા ડિજિટલ કૌભાંડો અને અત્યાધુનિક જોખમોનો સામનો કરવા માટે મહત્ત્વપૂર્ણ કૌશલ્યોથી સજ્જ કરશે.

આરઆરયુના ગાંધીનગર કેમ્પસમાં આરઆરયુના વાઈસ ચાન્સેલર પ્રોફેસર (ડૉ.) બિમલ એન.પટેલ અને વિઝા ઈન્ડિયા અને સાઉથ એશિયાના ગ્રુપ કન્ટ્રી મેનેજર સંદીપ ઘોષની હાજરીમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ડિજિટલ પેમેન્ટમાં વિઝાની કુશળતા અને સુરક્ષા અભ્યાસમાં આરઆરયુની શૈક્ષણિક અને સંશોધન શ્રેષ્ઠતા સાથે, આ ભાગીદારી એક માળખાગત અસરકારક તાલીમ પહેલનું સર્જન કરશે, જે શૈક્ષણિક અને વ્યાવસાયિક સ્તરે લાભાર્થીઓને મદદ કરશે અને ભારતની ડિજિટલ સ્થિતિસ્થાપકતાને જાળવી રાખશે. આ ત્રણ વર્ષનું જોડાણ ભારત માટે સુરક્ષિત ડિજિટલ ભવિષ્યનું નિર્માણ કરવા માટે ક્યુરેટેડ કાર્યક્રમો, નિષ્ણાતોની આગેવાની હેઠળની તાલીમ અને સહ-નિર્મિત જ્ઞાન સંસાધનો પ્રદાન કરશે. આ ભાગીદારી અંગે ટિપ્પણી કરતાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) બિમલ એન. પટેલે જણાવ્યું હતું કે, ×આ સહયોગ ભારતની સાયબર સિક્યોરિટી ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. રાષ્ટ્રીય સુરક્ષા યુનિવર્સિટી સુરક્ષા શિક્ષણની પહેલ કરવા માટે પ્રતિબદ્ધ છે અને વિઝા સાથેની આ ભાગીદારી સાયબર જોખમોને ઘટાડવા માટે જરૂરી જાણકારી ધરાવતી વ્યક્તિઓ અને સંસ્થાઓને સશક્ત બનાવશે, જે રાષ્ટ્ર માટે સુરક્ષિત ડિજિટલ અર્થતંત્રને સુનિશ્ચિત કરશે.×વિઝા ઈન્ડિયા



અને દક્ષિણ એશિયાના ગ્રુપ કન્ટ્રી મેનેજર સંદીપ ઘોષે ઉમેર્યું હતું કે, ×ભારતમાં સાયબર સુરક્ષાને ચેમ્પિયન બનાવવા માટે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી સાથે ભાગીદારી કરવાનો વિઝાને ગર્વ છે. જેમ જેમ ભારત અને ભારતીયો વધુ ડિજિટલ-ફર્સ્ટ બનતા જાય છે, તેમ તેમ ઈકોસિસ્ટમને સુરક્ષિત કરવા માટે જાગૃતિ લાવવા અને વ્યાવસાયિકોને યોગ્ય કૌશલ્યો, સાધનો અને જ્ઞાનથી સજ્જ કરવા માટે સામૂહિક પગલાં લેવાની જરૂર છે. આરઆરયુ સાથેની અમારી ભાગીદારી શિક્ષણ, મજબૂત ટેકનોલોજી અને નવીનતા મારફતે ડિજિટલ ઈકોસિસ્ટમમાં વિશ્વાસનું નિર્માણ કરવા વિઝાની કટિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. દળોને જોડીને, અમે માનીએ છીએ કે આરઆરયુ અને વિઝા આપણા દેશના નાગરિકો, વ્યાવસાયિકો અને અધિકારીઓને સાયબર સલામતીના જોખમોથી આગળ રહેવામાં મદદ કરી શકે છે.×આ પહેલ ભારતમાં સુરક્ષિત ડિજિટલ ચુકવણીઓને પ્રોત્સાહન આપવા માટે વિઝાના ચાલી રહેલા પ્રયાસો પર આધારિત છે, જે સાયબર સુરક્ષા તાલીમને તેના કાર્યક્રમોના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરે છે. તેના ડિજિટલ વિલેજ પ્રોગ્રામના ભાગરૂપે, વિઝાએ

# આંતરરાષ્ટ્રીય ઝીરો વેસ્ટ દિવસઃ ગૌ સેવા દ્વારા ટકાઉ ઉકેલ

૩૦ માર્ચ ૨૦૨૫ ના રોજ આંતરરાષ્ટ્રીય ઝીરો વેસ્ટ દિવસ ના અવસરે ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ-બેસ્ડ ઈન્ડસ્ટ્રીઝ (ય્ઝ્રૈં)ના સ્થાપક ડો. કથીરિયા એ સમાજ ને સંદેશ આપતા જણાવ્યુ કે ગૌ સેવા માત્ર પર્યાવરણ સંરક્ષણ માટે જ નહીં, પણ કચરા વ્યવસ્થાપન અને સાતત્યપૂર્ણ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટેનું એક સશક્ત માધ્યમ છે. અંતરરાષ્ટ્રીય ઝીરો વેસ્ટ દિવસ કચરાને ઓછો કરવા અને પરિભ્રમણ અર્થતંત્રને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે, જે ગૌ-આધારિત ઉદ્યોગો ના સિદ્ધાંતો સાથે ઊંડે સુધી જોડાયેલ છે. ગાયના દરેક ઉત્પાદનોનો અસરકારક ઉપયોગ કુદરતી અને માનવીય કલ્યાણ માટે કરી શકાય છે. ગૌ સેવા ભારતીય સંસ્કૃતિ અને ટકાઉ જીવનશૈલીનો અભિન્ન ભાગ રહી છે. ગાયમાંથી મળતા પંચગવ્ય -ગાયનું ગોબર, ગૌમૂત્ર, દુધ, દહીં અને ઘી - કૃષિ, આરોગ્ય અને વિવિધ ઉદ્યોગોમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગાયના ગોબરથી જૈવિક ખાતર, વર્મી કોમ્પોસ્ટ અને પ્રાકૃતિક ખાતર બનાવવામાં આવે છે, જેના કારણે રાસાયણિક ખાતર પર આધાર ઓછો થાય છે અને જમીનની ઉર્વરતા જળવાઈ રહે છે. પંચગવ્ય કૃષિ, જે સંપૂર્ણપણે કુદરતી છે, જમીનને પુનર્જીવિત કરી વધુ ઉપજ પ્રદાન કરવામાં મદદરૂપ થાય છે. ગાયના ગોબરથી બનાવાયેલા દીવા, અગરબત્તી અને જૈવિક ઈંધણના ઉપલા(છાણા) પ્લાસ્ટિક અને હાનિકારક રસાયણોના ઉપયોગને ઓછા કરવામાં સહાય કરે છે. ગાયનું ગૌમૂત્ર એક શક્તિશાળી જૈવિક સંવર્ધક છે, જેનો ઉપયોગ જૈવિક જંતુનાશકોમાં થાય છે, જેના પરિણામે કૃષિ રાસાયણિક મુક્ત બને છે. આયુર્વેદ અને પંચગવ્ય ચિકિત્સા માટે પણ તે ખૂબ ઉપયોગી સાબિત થાય છે. ગૌ આધારિત ઊર્જાના રૂપે ગોબર ગેસ પ્લાન્ટ મારફતે સ્વચ્છ રસોઈ ગેસ બનાવવામાં આવે છે, જે પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડે છે. જૈવ-ઉર્જા ઉત્પાદન શૂન્ય કચરાને સુનિશ્ચિત કરી નવીનીકરણીય ઊર્જાને પ્રોત્સાહન આપે છે. ગાયના ગોબરથી બનેલી ઈંટો અને પ્રાકૃતિક રંગ ઔદ્યોગિક કચરાને ઓછું કરવામાં મદદ કરે છે. ગાયના ગોબરથી બનેલા કાગળ અને સ્ટેશનરી ઉત્પાદનો પ્લાસ્ટિકની જગ્યાએ ટકાઉ વિકલ્પ પૂરા પાડે છે.

ગૌ સેવા અને પર્યાવરણ સંરક્ષણ એકબીજા સાથે ઊંડે જોડાયેલા છે. જ્યારે આપણે ગૌ સેવાને શૂન્ય કચરા અભિયાન સાથે જોડીએ, ત્યારે આત્મનિર્ભર ભારત અને સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યો (જીઙ્ઘય્જ) તરફ મહત્વનો ફાળો આપી શકીએ. ગૌ આધારિત ઉદ્યોગો માત્ર કૃષિ કચરા વ્યવસ્થાપન માં જ નહીં, પણ ગ્રામ્ય રોજગાર, પર્યાવરણમિત્ર જીવનશૈલી અને જૈવ વિવિધતા સંરક્ષણ માં પણ મહત્વનો ફાળો આપે છે.

# રાજ્યસભાના સાંસદ અને લઘુમતિ વિભાગના રાષ્ટ્રીય પ્રમુખ ઈમરાન પ્રતાપગઢી ની સુપ્રીમ કોર્ટ દ્વારા આ એફ.આઈ.આર. રદ કરવામાં આવી

આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે એ.આઈ.સી.સી.ના લઘુમતિ વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શાહનવાઝ શેખ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતુ કે, રાજ્યસભાના સાંસદ અને લઘુમતિ વિભાગના રાષ્ટ્રીય પ્રમુખ ઈમરાન પ્રતાપગઢી પર જામનગર ખાતે એક ખોટી એફ.આઈ.આર. ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી હતી તેને હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી, પરંતુ હાઈકોર્ટથી રાહત મળી નહોતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં એફ.આઈ.આર. રદ કરવા માટે અરજી કરવામાં આવી હતી જે આજરોજ સુપ્રીમ કોર્ટ દ્વારા આ એફ.આઈ.આર. રદ કરવામાં આવી છે.

જામનગર ખાતે એક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમા રાજ્યસભાના સાંસદ અને લઘુમતિ વિભાગના રાષ્ટ્રીય પ્રમુખ ઈમરાન પ્રતાપગઢીએ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમના અનુસંધાનમાં એક વિડીયો ઈન્સ્ટાગ્રામ પર ઈમરાન પ્રતાપગઢી દ્વારા અપલોડ કરવામાં આવ્યો હતો, જેના બેકગ્રાઉન્ડમાં એક કવિતાનું ગીત રાખવામાં આવ્યું હતું, આ ગીતના શબ્દો પર આપત્તિ દર્શાવી ગુજરાત પોલીસ દ્વારા એફ.આઈ.આર. કરવામાં આવી હતી.

આ તમામ પ્રકરણમાં આજરોજ સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણી સાથે એફ.આઈ.આર. રદ કરેલ છે, સુપ્રીમ કોર્ટે કહ્યું, દેશની આઝાદીને ૭૫ વર્ષ થઈ ગયાં છે તો પણ ફ્રીડમ ઓફ સ્પીચ અને એક્સપ્રેશનને રક્ષણ કેમ નથી મળી રહ્યું ? દેશમાં ફિલ્મો, કવિતા, નાટક, હાસ્ય તમામને બંધારણની કલમ ૧૯(૧)(એ) મુજબ રક્ષણ પ્રાપ્ત છે અને આલોચનાને પણ સકારાત્મક તરીકે લેવાની જરૂર છે. વધુમાં શાહનવાઝ શેખએ જણાવ્યુ હતુ કે સમગ્ર ભારતમાં ખાસ કરીને કોંગ્રેસના નેતાઓ પર ખોટી પોલીસ ફરિયાદો કરવામાં આવી રહી છે, પરંતુ કોંગ્રેસના કાર્યકર્તાઓ અને નેતાઓ અંગ્રેજો સામે આઝાદીની લડાઈ લડી ચૂક્યા છે તો ભાજપ સરકાર આવા ખોટા કેસો કરી ડરાવવાનો પ્રયાસ ન કરે. કોંગ્રેસ પક્ષ બંધારણ અને કાયદા વ્યવસ્થામાં વિશ્વાસ રાખે છે અને એક સશક્ત વિપક્ષ તરીકે પ્રજાના પ્રશ્નોની લડાઈ લડશે.

### અંગદાન-મહાદાન જન જાગૃતી અભિયાન અંતર્ગત

# મા. શ્રી શંકરભાઈ ચૌધરી, અધ્યક્ષ શ્રી વિધાનસભા ગુજરાત દ્વારા સન્માન સમારોહ

**શ્રી દિલીપભાઈ દેશમુખ (દિલીપદાદા) પ્રેરીત " અંગદાન મહાદાન" જન જાગૃતી અભિયાન સમગ્ર રાજ્યમાં કાર્યરત થયેલ છે જે કાર્ય માં જોડાયેલા ડૉક્ટરો સ્વયં સેવકો અગ્રણી ઓ ને વિધાનસભા સત્ર ના અંતિમ દિવસે અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા "સન્માન" કરવાનો કાર્યક્રમ વિધાનસભામાં રાખવામાં આવેલ આ સમયે મા. મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ,માં મંત્રી પ્રફુલભાઈ પાસેરિયા, તથા મા. ધારાસભ્ય શ્રીઓ હાજર રહેલ ભાવનગરથી શ્રી સિદ્ધિવિનાયક હોસ્પિટલ ના શ્રી જતીનભાઈ ઓઝા ને પણ સન્માનિત કરવામાં આવેલ જે ( તસ્વીર માં મા. શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી.જતીનભાઈ ઓઝા ને સન્માનિત કરતા જણાય છે**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.